# આખરે તા.25મી મેના રોજ સુમુલ ડેરીની મતદારયાદી પ્રસિદ્ધ કરાશે

**મતદાર** યાદી જાહેર થયા પછી દાવા અને વાંધાઓ 1 જૂન સુધી નોંધાવી શકાશે

**8 જૂને** દાવા અને વાંધાઓનો ચૂંટણી અધિકારી નિકાલ કરશે

### આ સ્થળોએ અંતિમ મતદાર યાદી પ્રસિદ્ધ થશે

(1) ચૂંટણી અધિકારી અને નાયબ કલેક્ટર સિટી પ્રાંત (ઉત્તર) અડાજણની કચેરી, મહેસૂલી ભવન અડાજણ
(20 પાલ ,જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓની કચેરી, જિલ્લા સેવા સદન-2, અઠવાલાઇન્સ
(3) સુરત-તાપી જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમિટેડ

સુરત : ગુજરાત હાઈકોર્ટના આદેશ મુજબ સુરત-તાપી જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.(સુમુલ ડેરી) ની વ્યવસ્થાપક સમિતિની સામાન્ય ચૂંટણી માટે ચૂંટણી પ્રક્રિયાનો પ્રારંભ થયો છે.

ચૂંટણી અધિકારી તથા નાયબ કલેક્ટર સિટી પ્રાંત (ઉત્તર) અડાજણ એન.એન. સવાણીએ મતદાર યાદી પ્રસિદ્ધિ અંગેનો વિગતવાર કાર્યક્રમ જાહેર કર્યો છે. ગુજરાત નિર્દિષ્ટ સહકારી મંડળીઓની સમિતિઓની ચૂંટણી બાબતના નિયમો-1982 હેઠળ આ પ્રક્રિયા હાથ ધરવામાં આવી રહી છે.

ચૂંટણી અધિકારી દ્વારા જાહેર કરાયેલા કાર્યક્રમ મુજબ કામચલાઉ મતદાર યાદી તા. 25 મે 2026ના રોજ સવારે 11 વાગ્યે પ્રસિદ્ધ કરવામાં આવશે. મતદાર યાદી ચૂંટણી અધિકારીની કચેરી "મહેસૂલી ભવન અડાજણ", ત્રીજો માળ, પાલ લેક સર્કલ પાસે તથા જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓની કચેરી, જિલ્લા સેવા સદન-2, અઠવાલાઈન્સ ખાતે ઉપલબ્ધ રહેશે.

એ ઉપરાંત કામચલાઉ મતદાર યાદી અંગે દાવા અને વાંધા રજૂ કરવાની છેલ્લી તારીખ તા. 1 જૂન 2026 નક્કી કરવામાં આવી છે. કચેરી સમય દરમિયાન ચૂંટણી અધિકારીની કચેરીએ લેખિત રજૂઆતો સ્વીકારવામાં આવશે. દાવા-વાંધાઓનો નિકાલ તા. 8 જૂન 2026ના રોજ સાંજે 5 વાગ્યા સુધી કરવામાં આવશે. ત્યારબાદ તા. 9 જૂન 2026ના રોજ બપોરે 3 વાગ્યે અંતિમ મતદાર યાદી પ્રસિદ્ધ કરવામાં આવશે. સુમુલ સંઘની ચૂંટણીને લઈ સહકારી ક્ષેત્રમાં અત્યારથી જ રાજકીય ગતિવિધિઓ તેજ બનવાની શક્યતા વ્યક્ત થઈ રહી છે. વિવિધ ડેરી મંડળીઓ તથા પ્રતિનિધિઓમાં ચૂંટણીને લઈ ચહલપહલ શરૂ થઈ ગઈ હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# લક્કડકોટ ખાતે બાર અને રિસોર્ટમાં રોકાણ કરાવી ૧૨.૬૩ કરોડની ઠગાઈ

**પાર્ટનરોને** કાઢી મૂક્યા બાદ રોસિકા રિસોર્ટ અને જલસા બારનું નામ બદલી હોટલ ગ્રાન્ડ કાર્નિવલ કરી નાંખ્યું

**રાંદેર** રોડ તાડવાડીના દંપતી અને પુત્રની ધરપકડ, લક્કડકોટના બે આરોપીની શોધખોળ

### શરૂઆતમાં નફો આપ્યો પછી રિસોર્ટ અને બારમાં ઘૂસવાની પણ ના પાડી દીધી

બંને પ્રોજેક્ટ ધમધમતા થઈ ગયા બાદ શરૂઆતના ટૂંકા ગાળા માટે આરોપીઓએ રોકાણકારોને નિયમિત વળતર ચૂકવી વિશ્વાસ જાળવી રાખ્યો હતો. જો કે, થોડા સમય બાદ મુખ્ય આરોપીઓએ મેળાપીપણું કરીને વળતર આપવાનું સદંતર બંધ કરી દીધું હતું. ચંદ્રેશભાઈ અને અન્ય સભ્યોએ જ્યારે કરોડોના રોકાણના હિસાબો માંગવાનું શરૂ કર્યું, ત્યારે આરોપીઓએ રિસોર્ટ અને બાર પરિસરમાં તેમની એન્ટ્રી પર જ પ્રતિબંધ લગાવી દીધો હતો. રોકાણકારોએ પોતાની મૂળ રકમ પાછી મેળવવા ઉઘરાણી તેજ કરતા, રાંદેરના ખુશમન પટેલે અન્ય સ્થાનીક સાગરીતો સાથે મળીને રાતોરાત આ રોકાણકારોને ભાગીદારી પેઢીમાંથી જ ઘરભેગા કરી દીધા હતા અને 'જલસા બાર'નું નામ બદલીને 'હોટલ ગ્રાન્ડ કાર્નિવલ' કરી નાખ્યું હતું.

**આ કેસમાં પકડાયેલા આરોપી**

(1) ખુશમન રેવાશંકર પટેલ (ઉં.વ. ૬૩) (2) તેમના પત્ની પુનિતાબેન ખુશમનભાઇ પટેલ (ઉં.વ. ૫૯) (3) પુત્ર સ્મીત ખુશમનભાઇ પટેલ (ઉં.વ. ૩૧) (તમામ રહે. ગોપાલેશ્વર સોસાયટી, તાડવાડી, રાંદેર રોડ, સુરત)

**ફરાર આરોપી**

(1) ભરત બાબુરાવ ગાવીત (રહે. લક્કડકોટ, નવાપુર, મહારાષ્ટ્ર) (2) યશવંત બાબુરાવ શિરસાઠ (રહે. લક્કડકોટ, નવાપુર, મહારાષ્ટ્ર)

સુરતઃ તાપી જિલ્લાની સરહદને અડીને આવેલા નવાપુર તાલુકાના લક્કડકોટ ખાતે 'રોસિકા હિલ રિસોર્ટ' અને 'જલસા બાર' પ્રોજેક્ટમાં કરોડો રૂપિયાના રોકાણ સામે ઊંચા નફાની લાલચ આપી ભાગીદારો સાથે રૂ. ૧૨.૬૩ કરોડની સનસનાટીભરી છેતરપિંડી આચરવામાં આવી હોવાનો ભાંડો ફૂટ્યો છે. પાંચ નરાધમ આરોપીઓએ કરોડોનું રોકાણ કરાવી લીધા બાદ કાવતરું રચીને મૂળ ભાગીદારોને જ પેઢીમાંથી પાણીચું આપી દીધું હતું. એટલું જ નહીં, બારનું નામ પણ રાતોરાત બદલી નાખી મોટું કૌભાંડ આચર્યું હતું. આ મામલે ઈકો સેલની ઊંડી તપાસ બાદ સલાબતપુરા પોલીસ મથકમાં ગુનો દાખલ કરી રાંદેરના મુખ્ય સૂત્રધાર સહિત એક જ પરિવારના ૩ સભ્યોની ધરપકડ કરવામાં આવી છે.

અડાજણના વાડિયા નગરમાં રહેતા અને શેર ટ્રેડિંગના વ્યવસાય સાથે સંકળાયેલા ૫૫ વર્ષીય ચંદ્રેશ જયંતિલાલ લાકડાવાલાનો સંપર્ક રિંગ રોડ પર વર્લ્ડ ટ્રેડ સેન્ટરમાં ઓફિસ ધરાવતા ખુશમન રેવાશંકર પટેલ સાથે થયો હતો.

તેણે તેમને મહારાષ્ટ્રના લક્કડકોટ ખાતેની જમીનમાં 'રોસિકા હિલ રિસોર્ટ એન્ડ એડવેન્ચર પાર્ક' તથા 'જલસા બાર એન્ડ રેસ્ટોરેન્ટ' બનાવવાનો આકર્ષક પ્લાન બતાવ્યો હતો. જેથી તેઓ પુત્ર રોશિનના નામે વેપાર કરવા તૈયાર થઈ ગયા હતા. તેમના પુત્રએ રિસોર્ટમાં ૧.૨૪ કરોડ અને બારમાં રૂ. ૧૪ લાખ મળી કુલ રૂ. ૧.૩૮ કરોડનું રોકાણ કર્યું હતું. આ ઉપરાંત તેમના પરિવારજનો અને મિત્રોએ પણ રૂ. ૫.૨૫ કરોડ તથા અન્ય એક ભાગીદાર પ્રવિણ પરમાર પાસેથી રૂ. ૭૫ લાખનું રોકાણ કર્યું હતું આમ આ ગ્રુપનું કુલ રોકાણ આશરે રૂ. ૫.૫૦ કરોડથી વધુ હતું

## અનુસંધાન... પાના છેલ્લાનું

### સોલાર વીજળી...

માટે ઓછામાં ઓછી 6 કિલોવોટ ક્ષમતા ફરજિયાત રાખવામાં આવી છે, જ્યારે વર્ચ્યુઅલ નેટ મીટરિંગ માટે ઓછામાં ઓછી 100 કિલોવોટ અને મહત્તમ 4000 કિલોવોટ ક્ષમતા મંજૂર કરવામાં આવી છે. ડ્રાફ્ટ મુજબ વર્ચ્યુઅલ નેટ મીટરિંગ હેઠળ DRES સિસ્ટમ 11 કે 22 કિલોવોલ્ટ નેટવર્ક સાથે જોડાશે અને GETCOના 66 કિલોવોલ્ટ સબ-સ્ટેશન સુધી ડેડિકેટેડ ઈવેક્યુએશન લાઈન ઉભી કરવાની જવાબદારી DRES માલિકની રહેશે.

### ઉકાઈમાં છ...

પ્રારંભિક લઘુત્તમ સ્તર મોટા ભાગે ૨૭૦થી ૨૯૫ ફૂટ વચ્ચે રહ્યું હતું. પરંતુ છેલ્લા કેટલાક વર્ષોમાં આ સ્તરમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. ૨૦૨૦માં ૩૧૭.૬૦ ફૂટ, ૨૦૨૨માં ૩૧૫.૩૩ ફૂટ અને ૨૦૨૫માં ૩૧૪.૬૨ ફૂટ પછી હવે ૨૦૨૬માં ૩૧૮.૨૭ ફૂટનું સ્તર નોંધાયું છે. આથી સ્પષ્ટ થાય છે કે ડેમમાં પાણીની ઉપલબ્ધિ અગાઉની સરખામણીએ વધુ સ્થિર અને મજબૂત બની છે. ઉકાઈ ડેમના મહત્તમ જળસ્તરના ઇતિહાસ પર નજર કરીએ તો વર્ષ ૨૦૦૬ સૌથી મહત્ત્વપૂર્ણ રહ્યું હતું. તે વર્ષે ડેમનું મહત્તમ સ્તર ૩૪૬.૦૭ ફૂટ સુધી પહોંચ્યું હતું, જે ૨૫ વર્ષમાં સર્વોચ્ચ ગણાય છે. તે બાદ ૨૦૨૧માં ૩૪૫.૫૨ ફૂટ અને ૨૦૨૨માં ૩૪૫.૩૫ ફૂટનું સ્તર નોંધાયું હતું. છેલ્લા સાત વર્ષથી ડેમ લગભગ પૂર્ણ ક્ષમતાની નજીક પહોંચતો રહ્યો છે, જે સારા વરસાદ અને જળ સંચાલનની અસર દર્શાવે છે.

### ૨૦૧૮ સૌથી...

સરખામણીએ ઘણું ઓછું હતું. આ વર્ષોમાં ઓછા વરસાદ અને જળસંગ્રહની અસર સ્પષ્ટ જોવા મળી હતી.

### ૨૫ વર્ષના...

૩૪૬.૦૭ ફૂટ નોંધાયું.

- ૨૦૧૮ પાણીની દૃષ્ટિએ સૌથી નબળું વર્ષ રહ્યું.
- ૨૦૧૯ પછી સતત ડેમનું મહત્તમ સ્તર ૩૪૫ ફૂટ આસપાસ સ્થિર રહ્યું.
- છેલ્લા પાંચ વર્ષમાં ડેમના પ્રારંભિક સ્તરમાં ઐતિહાસિક સ્થિરતા જોવા મળી રહી છે.

### આમોદમાં બે...

પોતાના બાળકોની સુરક્ષાને લઈને ભારે ફફડાટ વ્યાપી ગયો છે. સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર આમોદ અને ગ્રામ્ય વિસ્તારોમાં રખડતા શ્વાનોની સંખ્યામાં બેફામ વધારો થયો છે અને અવારનવાર આવા બનાવો બની રહ્યા છે. ગામલોકોએ તંત્ર સમક્ષ ઉગ્ર આક્રોશ વ્યક્ત રખડતાં કૂતરાં સામે કાર્યવાહીની માંગ કરી છે.

### ભાજપના નેતાની...

ચોપડા ખાતે હોવાની બાતમી સાંપડતાં પોલીસની એક ટીમે તેને દબોચી લીધો હતો. હત્યાના ગુનામાં એકની ધરપકડ કર્યા બાદ સૂત્રધાર કિશન ઉર્ફે ચકલી અંગેની જાણકારી પણ પોલીસને મળી ગઈ છે. જેથી ટૂંક સમયમાં તેની પણ ધરપકડ થવાની શક્યતા નકારી શકાય તેમ નથી. વધુ તપાસ ઉધનાના પોઈ આર.એમ.ઠાકોર કરી રહ્યા છે.

### વેસુમાં 13...

અને ટેરેસ ઉપર ભાગવા લાગ્યા હતા. બીજી તરફ આ ઘટના અંગે જાણ કરવામાં આવતા બનાવની ગંભીરતાને સમજીને શહેરના અલગ અલગ પાંચ જેટલા ફાયર સ્ટેશનોથી ફાયર બ્રિગેડના જવાનોનો કાફલો ઘટના સ્થળે પહોંચ્યો હતો અને આગને કાબૂમાં કરવાની કવાયત હાથ ધરવાની સાથે સાથે જીવ બચાવવવા નવમા માળની ઉપરના અલગ અલગ માળ અને ટેરેસ ઉપર પહોંચેલા લોકોને સુરક્ષિત નીચે ઉતારવા માટેની પણ કામગીરી હાથ ધરવામાં આવી હતી. આગનુ કારણ શોર્ટ સર્કીટ હોવાનુ જાણવા મળી રહ્યું છે. ફાયર બ્રિગેડના સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ વેસુ કેનાલ રોડ ખાતે આવેલી અગ્રવાલ સ્કૂલની પાછળ જૈનમ ગ્રાન્ડ અલ્ટિમા નામની 13માળની ઇમારતના સી- ટાવરના નવમા માળ ઉપર આવેલા ફ્લેટ નંબર સી-903 માં આજે સવારે આગ લાગી ગઈ હતી. જ્યારે આ ઘટના બની ત્યારે બિલ્ડિંગના મોટાભાગના રહીશો પોતાના ફ્લેટોની અંદર મીઠી નિંદ્રા માણી રહ્યા હતા જ્યારે આગ લાગતા જ બિલ્ડિંગની બહાર સુધી આગની લપટો અને ધુમાડાના ગોટેગોટા દેખાવવા લાગ્યા હતા ત્યારે આ સમગ્ર પરિસ્થિતિ જોઈને આસપાસના લોકોમાં ગભરાટ ફેલાઇ ગયો હતો. ગભરાયેલા રહેવાસીઓએ ફ્લેટોમાંથી બહાર નીકળીને જીવ બચાવવા માટે આમ તેમ દોટ મૂકી હતી.

આગની જ્વાળાઓ અને ધૂમાડાને કારણે પેસેજમાંથી નીકળવા માટે રસ્તો નહીં મળતા રહીશો ડરના માર્યા બિલ્ડિંગના દસમા અને અગિયારમા માળે તેમજ ટેરેસ ઉપર પહોંચી ગયા હતા. જોકે આ ઘટના અંગે જાણ કરવામાં આવતા વેસુ ભીમરાડ, માનદરવાજા અને મજુરા સહિત અલગ અલગ પાંચ ફાયર સ્ટેશનોથી ફાયર બ્રિગેડના જવાનોનો કાફલો હાઇડ્રોલિક સહિતના આધુનિક સાધનો સાથે ઘટના સ્થળે પહોંચ્યો હતો. ફાયરના જવાનોએ સુઝબુઝ અને ત્વરીત કામગીરી કરીને એક જ કલાકની અંદર આગને સંપૂર્ણ કાબૂમાં કરી લીધી હતી સાથે જ ફસાયેલા 11 લોકોને પણ સહીસલામત નીચે ઉતારી લેવામાં આવ્યા હતા. એટલું જ નહીં જે ફ્લેટમાં આગ લાગી ત્યાં સંપૂર્ણ ઘર વખરી બળીને ખાક થઇ ગઈ હતી. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાની નહીં થતા સૌએ રાહતનો શ્વાસ લીધો.

### જે ફ્લેટમાં...

પ્રસરી ગઈ હતી. જેમાં આખો ફ્લેટ રાખમાં ફેરવાઇ ગયો હતો. સાથે જ આજુબાજુના ફ્લેટો પણ આગથી બચાવી લેવામાં આવ્યા હતા.

### આગની હિટિંગને...

પહેલા અગાસી ઉપર સિફ્ટ કર્યા હતા. આગ કંટ્રોલમાં આવ્યા બાદ તેઓને સીડીઓ મારફતે સુરક્ષીત રીતે નીચે ઉતારી લેવામાં આવ્યા હતા.જે ફ્લેટમાં આગ લાગી હતી તેનુ હિટિંગ એટલુ વધારે પ્રમાણમાં હતુ કે આજુ બાજુનાં અન્ય ફ્લેટનાં દરવાજાઓ પણ બળી જવાને કારણે નુકશાન થયું હતુ.

### જૂનથી દમણમાં...

પાસે અભિપ્રાય લેવામાં આવ્યા હતાં. અભિપ્રાયના અંતે વડાપ્રધાનને આવકારવા રસ્તાઓ પર બેનર અને હોર્ડિંગ લગાવવા, પ્રદેશના પ્રવેશ દ્વાર પર હોર્ડિંગ ગેટ લગાવવા, તોરણ તથા ઘરના આંગણે સાથિયા પૂરવા સાથે એરપોર્ટથી કાર્યક્રમ સ્થળ સુધીના રસ્તાની બાજુએ વિવિધ ભારતીય સંસ્કૃતિના નૃત્યો થકી આવકારવાનું નક્કી કરવામાં આવ્યું હતું. આ દિવસે દાનહ અને દમણ મળી આશરે 1.5 લાખ લોકોની જનમેદની વડાપ્રધાનના કાર્યક્રમમાં ઉમટે તેવી અપીલ પ્રશાસક પ્રફુલ પટેલે કરી છે. એરપોર્ટ ટર્મિનલના લોકાર્પણના દિવસથી જ દમણ દિલ્હીની પ્રથમ ફ્લાઈટ શરૂ કરવામાં આવશે. જે બાદ દમણ મુંબઈ, દમણ અમદાવાદની ફ્લાઈટ શરૂ કરવામાં આવશે. 5,460 ચો. મી. ના ટર્મિનલની અંદર 180 મુસાફરો બેસી શકે તેવો વેઈટિંગ રૂમ, 16 વી.વી.આઈ.પી. લોકો બેસી શકે તેવા લોન્જ બનાવવામાં આવ્યા છે. એરપોર્ટ ટર્મિનલમાં અત્યારે 12 ચેક ઈન કાઉન્ટર્સ રાખવામાં આવ્યા છે. એરપોર્ટ પર A -320 સાઈઝના 2 એરક્રાફ્ટ પાર્ક થશે. તથા મુસાફરો માટે 57 કાર પાર્ક થઈ શકે તેવું પાર્કિંગ બનાવવામાં આવ્યું છે. એરપોર્ટ સંપૂર્ણપણે કાર્યરત થયા બાદ તેનું સંપૂર્ણ સંચાલન એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા કરવામાં આવશે. ત્યારે એરપોર્ટ કાર્યરત થયા બાદ પર્યટન અને ઉદ્યોગ ક્ષેત્રને બહોળો વેગ મળવા પામશે.

### 1 લી જૂનથી...

દીધા છે. ત્યારે દમણના દેવકા તથા જમપોર પર આવેલી તમામ હોટલ સંચાલકોએ તેમના હોટલમાં જેટલા પણ રૂમ છે તેટલી સંખ્યામાં સાયકલ રાખવાનો આગ્રહ પ્રશાસકે હોટલ એસોસિએશનને કર્યો છે. જેમાં જે તે હોટલમાં આવતા મહેમાનોના વાહનો પાર્કિંગમાં પાર્ક કર્યા બાદ નામોપથ અને રામસેતુ રસ્તા પર અવર જવર માટે અપાયેલ સાયકલનો ઉપયોગ કરી શકાશે.

### સુરત અને...

ઉદ્યોગકારોને મોટી રાહત મળશે અને પ્લોટ ટ્રાન્સફરની પ્રક્રિયામાં આર્થિક ભાર ઘટાડવામાં મદદરૂપ થશે. સમગ્ર દક્ષિણ ગુજરાતના ઉદ્યોગકારો વતી અમે આ ચુકાદાને આવકારીએ છીએ અને તત્કાલીક અમલ શરૂ કરવા માંગ કરીએ છીએ.

### GIDCમાં પ્લોટની...

મયૂર ગોળવાલાએ જણાવ્યું હતું કે, ઉદ્યોગ જગત માટે મહત્ત્વપૂર્ણ ગણાય તેવા એક મોટા નિર્ણયમાં સુપ્રીમ કોર્ટે ઈન્ડસ્ટ્રિયલ જમીનના લીઝ હોલ્ડ હક્કોના ટ્રાન્સફર પર જીએસટી લાગુ ન પડે એવો બોમ્બે હાઈકોર્ટનો ચુકાદો યથાવત રાખ્યો છે. રેવન્યુ વિભાગ દ્વારા દાખલ કરવામાં આવેલી સ્પેશિયલ લીવ પિટિશન (SLP) ને સુપ્રીમ કોર્ટે ફગાવી દીધી હતી.કોર્ટે સ્પષ્ટ કહ્યું હતું કે, મૂળ લીઝધારક દ્વારા તૃતીય પક્ષને લીઝ હોલ્ડ હક્કો સોંપવાની પ્રક્રિયા "અચલ સંપત્તિના હસ્તાંતરણ" સમાન છે અને તે CGST Actની કલમ-7 હેઠળ "સપ્લાય"ની વ્યાખ્યામાં આવતી નથી. તેથી આવી ટ્રાન્ઝેક્શન પર GST લાગુ કરી શકાય નહીં. MIDCની મંજૂરીથી થયેલા હક્ક હસ્તાંતરણને વ્યવસાયિક સપ્લાય ગણાવી શકાય નહીં, સુપ્રીમ કોર્ટે બોમ્બે હાઈકોર્ટના તારણ સાથે સહમતિ વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, મહારાષ્ટ્ર ઈન્ડસ્ટ્રિયલ ડેવલપમેન્ટ કોર્પોરેશન (MIDC)ની પૂર્વ મંજૂરી સાથે થયેલા લીઝ હોલ્ડ હક્કોના અસાઈનમેન્ટને "વ્યવસાયની પ્રવૃત્તિ" ગણાવી શકાય નહીં. તેથી તેને કરપાત્ર સપ્લાય તરીકે જોવું યોગ્ય નથી.

સુનાવણી દરમિયાન કોર્ટે રેવન્યુ વિભાગને પૂછ્યું હતું કે, આ વ્યવહાર કેવી રીતે "ફર્ધરન્સ ઓફ બિઝનેસ"માં આવે છે તે દર્શાવો. જવાબમાં સંતોષકારક કારણ ન મળતાં કોર્ટે ટિપ્પણી કરી હતી કે, "જ્યારે સંપૂર્ણ લીઝહોલ્ડ હક્કો અન્ય પક્ષને MIDCની મંજૂરીથી સોંપી દેવામાં આવ્યા છે અને પ્રીમિયમ પણ ચૂકવાયું છે, ત્યારે આ વ્યવહાર સપ્લાયની વ્યાખ્યામાં આવી શકે નહીં." સુપ્રીમ કોર્ટના આ નિર્ણયને કારણે ઈન્ડસ્ટ્રિયલ પ્લોટ, GIDC તેમજ MIDC વિસ્તારમાં પ્લોટ ટ્રાન્સફર કરતા ઉદ્યોગકારોને મોટી રાહત મળશે. અત્યાર સુધી આવા ટ્રાન્સફર પર GST લાગુ કરવાની કાર્યવાહીથી ઉદ્યોગજગતમાં ભારે અનિશ્ચિતતા હતી. હવે દેશભરના ઉદ્યોગકારો માટે આ ચુકાદો માર્ગદર્શક સાબિત થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. આ મામલે સુપ્રીમ કોર્ટની બેન્ચમાં જસ્ટિસ દીપાંકર દત્તા અને જસ્ટિસ સતીશ ચંદ્ર શર્માનો સમાવેશ થતો હતો.

**કોંગ્રેસ પાસે લઘુત્તમ સંખ્યાબળ જ ન નથી**

# પહેલીવાર રાજ્યસભામાં કોંગ્રેસનું પ્રતિનિધિત્વ નહીં રહે

**કોંગ્રેસ** કોઈ ઉમેદવાર ઊભો રાખવાની સ્થિતિમાં નથી

ગાંધીનગરઃ કોંગ્રેસ પાસે લઘુત્તમ સંખ્યાબળ ન હોવાથી તેઓ પોતાનો કોઈ ઉમેદવાર ઊભો રાખવાની સ્થિતિમાં નથી. પરિણામે ભાજપ માટે આ ચારેય બેઠકો પર વિજય મેળવવો તદ્દન સરળ બની ગયો છે.

ગુજરાત વિધાનસભામાં કોંગ્રેસ પાસે હાલ માત્ર 12 ધારાસભ્ય છે, જેના કારણે રાજ્યસભાની ચૂંટણી લડવા માટે જરૂરી સંખ્યાબળ કોંગ્રેસ પાસે ઉપલબ્ધ નથી. પરિણામે કોંગ્રેસ ઉમેદવાર ઊભો કરી શકે તેવી સંભાવના નગણ્ય બની છે. બીજી તરફ ભાજપ પાસે વિધાનસભામાં 162 ધારાસભ્યોનું મજબૂત સંખ્યાબળ છે, જ્યારે રાજ્યસભાની એક બેઠક જીતવા માટે 144 મત જરૂરી બને છે. તેથી ભાજપ માટે ચારેય બેઠકો જીતવી સરળ ગણિત માનવામાં આવી રહી છે. ગુજરાત રાજ્યની સ્થાપના પછી પહેલીવાર એવી સ્થિતિ સર્જાઈ રહી છે કે રાજ્યસભામાં કોંગ્રેસનું કોઈ પ્રતિનિધિત્વ નહીં રહે. "કોંગ્રેસમુક્ત ભારત"ની રાજકીય ચર્ચાઓ વચ્ચે આ ઘટનાને રાજકીય રીતે મહત્ત્વપૂર્ણ માનવામાં આવી રહી છે.

# કઠોરના NRIની જમીનનો કૌભાંડી ભરૂચનો ઠગ પકડાયો

**આરોપીની** યસ બેંકના કર્મચારીઓ સાથે મુલાકાત કરાવવામાં ભૂમિકા ભજવી હતી

સુરતઃ કઠોર ગામની કરોડોની જમીનના સોદામાં જમીન માલિકોના નામે યસ બેંક અને આઈડીબીઆઈ બેંકમાં બોગસ એકાઉન્ટ ખોલાવી રૂ. ૨,૯૫,૫૧,૩૨૧ ની ભારે ઠગાઈ આચરવાના પ્રકરણમાં ઈકો સેલે વધુ એક મુખ્ય સાગરીતની ભરૂચના અંકલેશ્વર ખાતેથી ધરપકડ કરી છે.

કઠોર ગામના જમીન માલિકો સલીમભાઈ ઈબ્રાહીમ સીદાત, ફરીદાબેન સીદાત અને ખતીજા રાશીદ વોરાજીના નામે સૂત્રધાર રવિકુમાર મધુભાઇ કોલડિયા (રહે. મોટા વરાછા, સુરત) એ યસ બેંકની અંકલેશ્વર શાખામાં ખોટા દસ્તાવેજોના આધારે બોગસ એકાઉન્ટ્સ ખોલાવ્યા હતા. ફરિયાદી દ્વારા જમીન પેટે આપવામાં આવેલા રૂ. ૪,૮૧,૫૧,૩૨૧ ના ચેકો આ ખાતામાં જમા કરાવી, તેમાંથી રૂ. ૨,૯૫,૫૧,૩૨૧ ની રકમ આઈડીબીઆઈ બેંકના અન્ય બોગસ ખાતામાં ટ્રાન્સફર કરાવી લીધી હતી.

આ કેસમાં પોલીસે વધુ એક આરોપી અઝમતસાહીદ ઈમ્તીયાઝ શેખ (રહે, ઘનશ્યામનગર, જેનીથ હાઈસ્કુલ પાછળ, અંકલેશ્વર, જી. ભરૂચ)ની ધરપકડ કરી છે. તેજ રવિ કોલડીયાને યસ બેંકના ભ્રષ્ટ કર્મચારીઓ પાસે લઈ ગયો હતો. અઝમતે જ પોતાની સ્થાનિક વગનો ઉપયોગ કરી બેંક સ્ટાફ સાથે સાંઠગાંઠ કરાવી આપી આ બોગસ એકાઉન્ટ્સ ખોલાવવામાં સક્રિય ભૂમિકા ભજવી હતી.

# દેવું થઈ જતાં જનતા માર્કેટના દુકાનદારે ફાંસો ખાધો

**મૃતકે** 15 મેના રોજ વોટ્સએપમાં એક મેસેજ પણ સેવ કર્યો હતો, પોલીસે તપાસ હાથ ધરી

સુરતઃ જનતા માર્કેટના મોબાઈલ દુકાનદારે માથે દેવું થઈ જતાં ફાંસો ખાઈને આત્મહત્યા કરી લીધી હતી. મૃતકે 15 મેના રોજ વોટ્સએપમાં એક મેસેજ પણ સેવ કર્યો હતો, જેના આધારે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

મળેલી માહિતી મુજબ, ચોકબજાર વિસ્તારમાં આવેલી કમાલ ગલીના મેમણ બિલ્ડિંગમાં અબ્દુલ મન્નાન મોહમદ સિદ્દીક ફાજલવાલા (ઉં.વ.37) બે સંતાન સહિતના પરિવાર સાથે રહેતા હતા. તે જનતા માર્કેટમાં અંમર મોબાઈલના નામે દુકાન ચલાવતા હતા. ગુરુવારે તેમનો પરિવાર સંબંધીના લગ્નની તૈયારી થતી હોવાથી ત્યાં ગયા હતા અને અબ્દુલ મન્નાન રાત્રે ઘરે પરત એકલા આવી ગયા હતા. ત્યારબાદ અબ્દુલ મન્નાને ઘરમાં પંખા સાથે દોરી બાંધીને ફાંસો ખાઈને આત્મહત્યા કરી લીધી હતી.

પોલીસની પ્રાથમિક તપાસમાં અબ્દુલ મન્નાને આત્મહત્યા કરતાં પહેલાં મોબાઈલ ફોનમાં વોટ્સએપમાં 15મેના રોજ એક મેસેજ ટાઈપ કર્યો હતો અને પોતાના મોબાઈલમાં સેવ રાખ્યો હતો. અબ્દુલ મન્નાને ધંધામાં નુકસાન થતાં માથે દેવું થઈ ગયું હતું. જેથી આર્થિક સંકડામણમાં અબ્દુલ મન્નાને આત્મહત્યાનું પગલું ભર્યું હોવાનું બહાર આવ્યું હતું. આ બનાવ અંગે વધુ તપાસ અઠવાલાઈન્સ પોલીસ કરી રહી છે.

**સીકલસેલ નાબૂદી માટે ઐતિહાસિક પહેલ**

# 4000 DNA સેમ્પલથી બનશે ટ્રાયબલ જિનોમ ડેટાબેઝ

**વારસાગત** બીમારીઓને મૂળમાંથી નાબૂદ કરવા જીનોમ સિક્વેન્સિંગ અત્યંત ઉપયોગી સાબિત થશે

### શું છે સિકલ સેલ એનિમિયા ?

સિકલ સેલ એનિમિયા એ હીમોગ્લોબિનમાં થતી વારસાગત ખામીના કારણે થતો ગંભીર રક્તરોગ છે. આ રોગમાં લોહીના રક્તકણોનો આકાર ગોળમાંથી દાતરડાં જેવો બની જાય છે, જેના કારણે શરીરમાં પૂરતો ઓક્સિજન પહોંચતો નથી અને દર્દીને ઝડપથી થાક લાગે છે. જો માતા અને પિતા બંનેમાં સિકલ સેલનો જનીન હોય તો બાળકમાં આ રોગ થવાની શક્યતા લગભગ 25 ટકા રહે છે. ગુજરાતમાં દાહોદ, પંચમહાલ, નર્મદા, ભરૂચ, સુરત, નવસારી, વલસાડ અને ડાંગ જિલ્લાઓમાં આ રોગનું પ્રમાણ વધુ જોવા મળે છે.

### સિકલ સેલ એનિમિયાના દર્દીઓ શું કરવું અને શું ન કરવું

(1) આવા દર્દીઓએ ઠંડા પાણીમાં સ્નાન કરવાનું ટાળીને હંમેશા હૂંફાળા અથવા ગરમ પાણીનો ઉપયોગ કરવો જોઈએ, કારણ કે અતિશય ઠંડી શરીર પર પ્રતિકૂળ અસર કરે છે. (2) તેલવાળું અને પચવામાં મુશ્કેલ ખોરાકથી દૂર રહેવું જરૂરી છે જેથી શરીર પર વધારાનો બોજ ન પડે (3) દર્દીઓએ પૂરતો આરામ કરવો જોઈએ અને ભારે શારીરિક મહેનત અથવા અતિશય દોડધામ ટાળવું જોઇએ. (4) ઠંડા વાતાવરણ, એસી અથવા વધુ ઠંડકવાળા સ્થળોથી પણ બચવું જરૂરી છે. (5) શરીરમાં ઓક્સિજનની ઉણપ થવાની શક્યતા રહેતી હોવાથી પૂરતું પાણી પીવું જોઈએ જેથી શરીર હાઇડ્રેટ રહે.

ગાંધીનગરઃ ગુજરાતમાં આદિવાસી સમુદાયોના આરોગ્ય સુધારવા અને વારસાગત રોગોને મૂળમાંથી સમજવા રાજ્ય સરકારે મહત્ત્વાકાંક્ષી "ગુજરાત ટ્રાયબલ જિનોમ સિક્વેન્સિંગ પ્રોજેક્ટ" શરૂ કર્યો છે. આ પ્રોજેક્ટ અંતર્ગત રાજ્યભરના વિવિધ આદિવાસી સમુદાયોમાંથી અંદાજે 4,000 બાયોલોજિકલ ડીએનએ (DNA) સેમ્પલ એકત્રિત કરવામાં આવશે અને તેમાંમાંથી આશરે 2000 વ્યક્તિના સંપૂર્ણ જિનોમનું સિક્વેન્સિંગ કરવામાં આવશે. આ સાથે ગુજરાત આદિજાતિ સમુદાયો માટે વિશિષ્ટ જિનોમિક ડેટાબેઝ તૈયાર કરનાર દેશનું પ્રથમ રાજ્ય બનવાની દિશામાં આગળ વધી રહ્યું છે.

રાજ્યના વિજ્ઞાન અને ટેક્નોલોજી મંત્રી અર્જુન મોઢવાડિયાએ જણાવ્યું હતું કે આદિવાસી સમુદાયોમાં ખાસ કરીને સિકલ સેલ એનિમિયા, થેલેસેમિયા, એનિમિયા, G6PD ડિફિશિયન્સી તેમજ કેટલાક પ્રકારના કેન્સર જેવા જીનેટિક રોગોનું પ્રમાણ વધુ જોવા મળે છે. આવા રોગોની વહેલી ઓળખ અને નિવારણ માટે જીનોમ સિક્વેન્સિંગ અત્યંત ઉપયોગી સાબિત થશે. આ પ્રોજેક્ટ હેઠળ રાજ્યના આશરે 20 જેટલા આદિવાસી સમુદાયોનો સમાવેશ કરવામાં આવશે. પુરુષ અને સ્ત્રી બંનેના સમાન પ્રમાણમાં સેમ્પલ લેવામાં આવશે. એકત્રિત ડેટાના આધારે ભવિષ્યમાં સમુદાયોને રોગો સામે સજાગ બનાવવા, લગ્ન પૂર્વે જીનેટિક માર્ગદર્શન આપવા અને આવનારી પેઢીમાં ગંભીર વારસાગત રોગોનું પ્રમાણ ઘટાડવામાં મદદ મળશે.

ગુજરાત બાયોટેક્નોલોજી રિસર્ચ સેન્ટર (જીબીઆરસી)ના ડાયરેક્ટર ડૉ. સ્નેહલ બગથરીયાએ જણાવ્યું કે જીનોમ સિક્વેન્સિંગ દ્વારા કોઈપણ વ્યક્તિના જીનેટિક ગુણધર્મો અંગે વિસ્તૃત માહિતી મળી શકે છે. જો જીનેટિક ખામી સમયસર શોધાઈ જાય અને તે સારવાર યોગ્ય હોય તો બાળપણથી જ તેનું નિવારણ શક્ય બને છે. પ્રિવેન્ટિવ હેલ્થકેર દ્વારા આવનારી પેઢીને ગંભીર બીમારીઓથી બચાવી શકાય છે. જીબીઆરસીએ કોરોના મહામારી દરમિયાન 14 હજારથી વધુ જીનોમ સિક્વેન્સિંગ કરીને મહત્ત્વપૂર્ણ કામગીરી બજાવી હતી અને અત્યાર સુધીમાં 170થી વધુ સંશોધન પેપર્સ પણ પ્રકાશિત કર્યા છે.

# બકરી ઈદની રજા હવે 28 મેના રોજ રહેશે

ગાંધીનગરઃ રાજય સરકારના દ્વારા બકરી ઈદની જાહેર રજાની તારીખમાં મહત્ત્વપૂર્ણ ફેરફાર કરવામાં આવ્યો છે. અગાઉ વર્ષ 2026 માટે જાહેર કરાયેલા જાહેર રજાના કેલેન્ડર મુજબ બકરી ઈદની રજા તા. 27 મે 2026, બુધવારના રોજ જાહેર કરવામાં આવી હતી, પરંતુ હવે આ રજા બદલીને તા. 28 મે 2026, ગુરુવારના રોજ જાહેર કરવામાં આવી છે.

સામાન્ય વહીવટ વિભાગ દ્વારા જાહેર કરાયેલી યાદી મુજબ રાજ્યની તમામ સરકારી કચેરીઓ, બોર્ડ, નિગમો, પંચાયતો તેમજ ગુજરાતમાં આવેલી બેંકો હવે 27 મેના રોજ રાબેતા મુજબ ચાલુ રહેશે, જ્યારે 28 મેના રોજ બકરી ઈદ નિમિત્તે જાહેર રજા રહેશે.

ઉલ્લેખનીય છે કે વર્ષ 2026ની જાહેર રજાઓ અંગેનું સત્તાવાર જાહેરનામું સામાન્ય વહીવટ વિભાગ દ્વારા તા. 27 નવેમ્બર 2025ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવ્યું હતું. હવે ચાંદ દેખાવાના સંભવિત સમયને ધ્યાનમાં રાખીને ફેરફાર કરાયો છે.

# કામરેજમાં રૂપિયા ૬ કરોડના ખર્ચે બનશે આધુનિક સરકારી શાળા સંકુલ

**ગ્રામ્ય** અને મધ્યમવર્ગીય પરિવારોના વિદ્યાર્થીઓને ઘરઆંગણે મળશે ધોરણ-૧૨ સુધી ગુણવત્તાસભર મફત શિક્ષણ

**મંત્રી** પ્રફુલ પાનશેરીયાએ સ્થળ મુલાકાત લઈ કામગીરી ઝડપી બનાવવા સૂચનાઓ આપી

### કામરેજમાં શિક્ષણ સુવિધાઓને મળશે નવો વેગ

સ્થાનિક સ્તરે આધુનિક શાળા ઉભી થવાથી ગ્રામ્ય વિસ્તારોના વિદ્યાર્થીઓને લાંબા અંતર સુધી જવાની જરૂરિયાત ઘટશે. સાથે જ શિક્ષણ છોડવાની સમસ્યામાં પણ ઘટાડો થવાની આશા વ્યક્ત કરવામાં આવી રહી છે. રાજ્ય સરકારના આ નિર્ણયને લઈને વાલીઓ અને વિદ્યાર્થીઓમાં ખુશી અને ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે.

સુરત : કામરેજ તાલુકાના વિદ્યાર્થીઓ માટે રાજ્ય સરકાર દ્વારા એક મહત્વપૂર્ણ શૈક્ષણિક ભેટ જાહેર કરવામાં આવી છે. કામરેજ વિધાનસભા વિસ્તારમાં અંદાજે ૪૦૦૦ ચોરસ મીટર જમીન પર અદ્યતન હાઈસ્કૂલ અને હાયર સેકન્ડરી શાળાનું નિર્માણ કરવામાં આવશે. આ માટે રાજ્ય સરકારે રૂપિયા ૬ કરોડની ફાળવણી મંજૂર કરી છે. શાળા કાર્યરત થયા બાદ વિદ્યાર્થીઓને ધોરણ-૧૨ સુધીનું નિઃશુલ્ક અને ગુણવત્તાસભર શિક્ષણ ઉપલબ્ધ બનશે.

આ નવી શાળાને કારણે ખાસ કરીને મધ્યમવર્ગીય અને શ્રમિક પરિવારોને મોટી રાહત મળશે. અત્યાર સુધી સંતાનોને ગુણવત્તાયુક્ત શિક્ષણ માટે ખાનગી શાળાઓ પર આધાર રાખવો પડતો હતો, પરંતુ હવે સ્થાનિક સ્તરે જ સરકારી માધ્યમમાં આધુનિક સુવિધાઓ સાથે શિક્ષણ ઉપલબ્ધ બનશે.

શાળાના નિર્માણ કાર્યને ગતિ આપવા આરોગ્ય રાજ્યમંત્રી અને કામરેજના ધારાસભ્ય પ્રફુલ પાનશેરીયા સ્થાનિક તાલુકા-જિલ્લા પંચાયતના પદાધિકારીઓ, અધિકારીઓ અને આગેવાનો સાથે પ્રસ્તાવિત સ્થળની મુલાકાત લીધી હતી. આ દરમિયાન શાળાના આયોજન, સુવિધાઓ અને આગામી પ્રક્રિયાઓ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. મંત્રીએ જણાવ્યું હતું કે ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ટૂંક સમયમાં શાળાના નિર્માણ કાર્યનો પ્રારંભ થશે. નવી શાળા માત્ર શિક્ષણ પૂરતું મર્યાદિત નહીં રહે, પરંતુ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ અને કારકિર્દી ઘડતર માટે મહત્વપૂર્ણ કેન્દ્ર તરીકે ઉભરી આવશે.

# કાંઠા સુગરના ડિરેક્ટર સામે કલમ-93 હેઠળ કાર્યવાહીની માંગ

**સભાસદ** જશવંત પટેલે તટસ્થ તપાસ માટે મુખ્યમંત્રી, ખાંડ નિયામક, સ્ટેટ અને જિલ્લા રજિસ્ટ્રારને ફરિયાદ કરી તપાસની માંગ કરી

સુરતઃ શ્રી કાંઠા વિભાગ સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લિ.માં કલમ-93 હેઠળ ચાલી રહેલી તપાસને લઈ વધુ એક વિવાદ ઊભો થયો છે. મંડળીના સભાસદ જશવંત ડાહ્યાભાઈ પટેલ (ગામ-શેરડી, ઓલપાડ)એ મુખ્યમંત્રી, રાજ્ય રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, જિલ્લા રજિસ્ટ્રાર અને ખાંડ નિયામકને લેખિત ફરિયાદ કરી ગંભીર આક્ષેપ કર્યો છે કે, મંડળીમાં વર્ષો સુધી થયેલા આર્થિક ગેરવહીવટની તપાસ માત્ર તા.24 ડિસેમ્બર-2020 પછીની વ્યવસ્થાપક કમિટી સુધી મર્યાદિત રાખવામાં આવી રહી છે, જ્યારે અગાઉની કમિટીના સભ્યોને બચાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે.

"૨૦૧૨થી ચોકસી, પણ કાર્યવાહી ફક્ત ૨૦૨૦ પછી કેમ?" એવો સવાલ કરતાં સભાસદ જશવંત ડાહ્યાભાઈ પટેલ સહિતના અરજદારોએ રજૂઆતમાં જણાવ્યું છે કે, જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા સને-૨૦૧૨થી ૨૦૨૩ સુધીનાં દફ્તરોની તપાસણી કરીને તા.૩૦ જુલાઈ-૨૦૨૪ના રોજ ચોકસી અહેવાલ રજૂ કરવામાં આવ્યો હતો. છતાં ખાંડ નિયામક દ્વારા તા.૩ મે-૨૦૨૫ના રોજ કલમ-૯૩ હેઠળ તપાસનો હુકમ માત્ર તા.૨૪/૧૨/૨૦૨૦ના રોજ ચુંટાયેલી કમિટીના સભ્યો સુધી જ મર્યાદિત રાખવામાં આવ્યો છે. અરજદારોના મતે, જ્યારે ચોકસીનો વ્યાપ ૨૦૧૨થી શરૂ થાય છે ત્યારે અગાઉની કમિટીઓની જવાબદારી નક્કી કર્યા વિના ફક્ત છેલ્લી કમિટીને નિશાન બનાવવું કાયદાકીય રીતે યોગ્ય નથી. રજૂઆતમાં સીધો આક્ષેપ કરવામાં આવ્યો છે કે તા.૨૪/૧૨/૨૦૨૦ પહેલાંની કમિટીમાં રાજકીય આગેવાનો સામેલ હતા અને તેમને બચાવવા માટે જ તેમની સામે કલમ-93ની કાર્યવાહી કરવામાં આવી નથી.



# પારૂલ યુનિ. દ્વારા ભવિષ્યની ટેક્નોલોજી માટે કેન્દ્ર 'લક્ષ્ય 2047'નું ઉદઘાટન

વડોદરાઃ ભવિષ્ય માટે વિદ્યાર્થીઓને તૈયાર કરવાનો ઉદ્દેશ ધરાવતી પારૂલ યુનિવર્સિટીએ લક્ષ્ય 2047 નામનાં એક સેન્ટરનું ઉદ્ઘાટન કર્યું છે. આ સેન્ટરનું ઉદ્ઘાટન ભારત સરકારના વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગના રાજ્ય કક્ષાના કેન્દ્રીય મંત્રી (સ્વતંત્ર ચાર્જ) ડૉ. જીતેન્દ્ર સિંહે કર્યું હતું. મુખ્ય અતિથિ ડો. જિતેન્દ્ર સિંઘે આ પ્રકારની પહેલની રાષ્ટ્રીય સ્તરે પણ જરૂરિયાત ઉપર ભાર મૂકતાં જણાવ્યું હતું કે, "લક્ષ્ય 2047 સમકાલીન નહીં, પરંતુ ભવિષ્યલક્ષી પહેલ છે." પારુલ યુનિવર્સિટીના પ્રેસિડન્ટ ડૉ. દેવાંશુ પટેલે જણાવ્યું હતું કે, લક્ષ્ય 2047 કેવી રીતે શિક્ષણ અને ઉદ્યોગની જરૂરિયાતો વચ્ચે તાલમેળ સ્થાપિત કરવા યુનિવર્સિટીના વિઝનનું જ એક સ્વરૂપ છે.